# અનુસૂચિત જાતિ/જન જાતિની વ્યક્તિઓને લગતો કાયદો, રક્ષણ અને પોલીસ કાર્યવાહી

- ૧૯૮૯ થી અનુસૂચિત જાતિ/જન જાતિ અત્યાચાર પ્રતિબંધ ધારો અમલી છે. આ ધારો આ જાતિ/જન જાતિઓના વ્યક્તિઓને અત્યાચાર સામે પુરતુ રક્ષણ અને સમાજના અન્ય વર્ગોની વ્યક્તિઓ સમકક્ષ અધિકારોની પ્રાપ્તિ સુલભ બને તે હેતુસર અમલી બનાવાયો છે.

- અનુસૂચિત જાતિ/જન જાતિની વ્યક્તિઓ ઉપર અત્યાચારના બનાવોની તપાસમાં પોલીસ અધિકારી એ ત્વરીત અને ઝડપી પગલાં લેવાના રહે છે.

- આવા ગુનાઓની તપાસ માટે એસ.સી/એસ.ટી. સેલમાં ડી.વાય.એસ.પી. દરજ્જાના અધિકારીની નિમણૂંક જિલ્લા/યુનિટ મથકે કરેલી છે.

- જિલ્લા/યુનિટ મથકના એસ.સી/એસ.ટી. સેલમાં માસ દરમિયાન બનેલા અત્યાચારના બનાવોની માહિતી, તપાસની વિગતો, અહેવાલ મોકલવાની માહિતી સંકલિત કરાય છે.

- અત્યાચારનો ભોગ બનેલી વ્યક્તિ, કુટુંબ કે સમુદાયને પુરતુ પોલીસ રક્ષણ વિનામૂલ્યે મળી શકશે.

- વાર્ષિક સેમીનાર ધ્વારા અનૂસુચિત જાતિ/જન જાતિની વ્યક્તિઓને કાયદાઓ તથા તેના લાભ અને નિયમોની જાણકારી અપાય છે.